અપીલ અરજી નં.૩૦૪ તા.૨૪–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હસીનાબાનુ રજબઅલી વંકાણી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસીનાબાનુ રજબઅલી વંકાણીની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૦/૩૨૮, અ–બ પૈકી વાળી મિલકત બાબતે તા.૫–૧૦–૧૦ ના રોજ માંગેલ માહિતી બાબતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૦૯૯ તા.૨–૧૧–૧૦ થી આપેલ માહિતી સંદર્ભે મુદ્દા નં.૧ થી ૭ થી માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૪/૨૦૧૦–૧૧

શ્રી હસીનાબાનુ રજબઅલી વંકાણીની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૦/૩૨૮, અ–બ પૈકી વાળી મિલકત બાબતે તા.૫–૧૦–૧૦ ના રોજ માંગેલ માહિતી બાબતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૦૯૯ તા.૨–૧૧–૧૦ થી આપેલ માહિતી સંદર્ભે મુદ્દા નં.૧ થી ૭ થી માંગેલ માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્રો નં.૧૨૩૭ તા.૬–૧૨–૧૦ થી મળેલ જવાબથી સંતોષ ન હોઈ તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરનેતા.૨૪–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે વિશેષતઃ આપેલ વિકાસ પરવાનગી તેમાં નિર્દિષ્ટ સ્થળ તપાસણી –નિરીક્ષણ અંગેની જોગવાઈ તથા તા.૨–૧૧–૧૦ ના વિકાસ પરવાનગી સામે થયેલ વધુ બાંધકામના પરિપ્રેક્ષ્યમાં ખાતાકીય કાર્યવાહી બાબતે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૩ તા. ૪–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને આરટીઆઈ એકટના નિયમ–૬ મુજબ અરજદારે મુળ અરજીથી માંગેલ વિગતો અગર મુળ અરજીની નકલ અપીલ સાથે રજૂ કરવાની હોય છે જે તેમની અપીલ અરજી સાથે રજૂ કરેલ નથી જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૮૩ તા. ૨૦–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૩૭ તા.૬–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી તેઓએ કરેલ તા.૫–૫–૧૦ ના રોજ કરેલ આરટીઆઈ હેઠળની અરજી બાબતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૦૯૯ તા.૨–૧૧–૧૦ થી આપેલ માહિતી સંદર્ભે નીચે મુજબ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૩૭ તા.૬–૧૨–૧૦ થી માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા. ૨૪–૧૨–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. મુળ અરજીના મુદ્દા નં.(૧) તા.૨–૧૧–૧૦ ના રોજ મળેલ જવાબમાં મુદ્દા નં.૪ માં માહિતી આપેલ હતી કે સદર બેઝમેન્ટ ભોંયતળીયું તથા બે માળની વિકાસ પરવાનગી આપેલ હતી અને મુદ્દા નં.૭ માં જણાવેલ છે કે ત્રીજા માળે બે ફલેટ બનાવેલ છે તો વિકાસ પરમીશન બે માળની હતી અને ત્રીજા માળે બાંધકામ કરેલ છે તો તે ત્રીજા માળનું બે ફલેટોનું બાંધકામ મંજુર પ્લાન વગર થયેલ છે એટલે કે ગેરકાયદેસર થયેલ છે ખરુંને?જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે અભિપ્રાય આપવાનો હોતો નથી. જે બાબતે અરજદારે અપીલમાં મુદ્દા નં.૧ થી તા.૨–૧૧–૧૦ ના આપેલ માહિતીના મુદ્દા નં.૪ માં સદર બાંધકામમાં બે માળની પરવાનગી આપવામાં આવેલ છે અને ત્રીજા માળે બે ફલેટ બનેલ છે તો મંજુર પ્લાન વિરુધ્ધનું ત્રીજા માળનું બાંધકામ થયેલ છે તેને રેકર્ડ ઉપર લેવડાવી તેના માપની માંગણી કરી હતી. જે અંગે જાહેર માહિતી અધિકારી વિકાસ પરવાનગીની માહિતી અંગે તા.૨–૧૧–૧૦ ના મુદ્દા નં.૪ થી શહેર વિકાસ વિભાગના દફતરી માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૭ થી આકારણી દફતરે થયેલ આકારણી બાબતેની માહિતી આપેલ છે. જે આકારણી દફતરે રેકર્ડ ઉપર તથા માપો દાખલ છે. પરંતુ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.૨ ત્રીજા માળે મંજુર પ્લાન વગરનું થયેલ બે ફલેટોનું માપ લંબાઈ પહોળાઈ માપી જણાવશો. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવામાં આવેલ છે જે મુજબ ત્રીજા માળ બનેલ ફલેટોની લંબાઈ પહોળા ઉપલબ્ધ નથી તેવી માહિતી આપેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા તા.૨–૧૧–૧૦ ના રોજ આપેલ માહિતીમાં તેમણે આકારણી દફતરે ત્રીજા માળે બે ફલેટ દાખલ થયેલ હોવાનો એકરાર કરેલ છે. આકારણી શહેર વિકાસ ખાતુ જાહેર માહિતી અધિકારીના નિયંત્રણ હેઠળના જ બે વિભાગો છે. એ સંજોગોમાં જયારે જાહેર માહિતી અધિકારીના નિયંત્રણ હેઠળના એક ખાતા ધ્વારા આ માહિતી દફતર પર ઉપલબ્ધ હોય એ સંજોગોમાં અન્ય ખાતાના દફતર પર ઉપલબ્ધ નથી એવો બચાવ બુધ્ધિગમ્ય અને તર્ક સંગત નથી. જેથી મુદ્દા નં.૨ અંગે જાહેર

માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ માહિતી આપવા જોગ થાય. મુદ્દા નં.૩ મંજુર થયેલ પ્લાન અને આપેલ પરવાનગીમાં પાર્કીગ હતું કેટલી લંબાઈ પહોળાઈનું પાર્કીગ મંજુર પ્લાનમાં બતાવેલ હતું? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ વિકાસ પરવાનગી મુજબ સદર મિલકતે ૩મી.×૫.૨૩ મી. નું પાર્કીગ જેનું કુલ ક્ષેત્રફળ =૧૫.૬૯ ચો.મી. છે. મુદ્દા નં.૪ હાલમાં પાર્કીગ ખુલ્લુ છે? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ પાર્કીગ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અરજદારે અપીલના મુદ્દા નં.૨ થી મુદ્દા નં.૪ માં પાર્કીગ ખુલ્લું છે જે બાબતે બાંધકામનું પાર્કીગ કવર કરી દુકાન બનાવેલી છે તો મંજુર પ્લાન વિરુધ્ધ પાર્કીગ ગેરકાયદેસર કવર કરી લીધુ હોય રેકર્ડ ઉપર લેવડાવી જાણકારી આપશો. અરજદારની રજૂઆત આરટીઆઈ કાયદા હેઠળ સુસંગત નથી આરટીઆ કાયદાની જોગવાઈ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની છે. જે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. મુદ્દા નં.૫ મંજુર થયેલ પ્લાનમાં કેટલા બેઝમેન્ટ શહેર વિકાસ ખાતાને મંજુર કરેલા હતા? કેટલી દુકાનો મંજુર કરેલી હતી? કેટલાક ફલેટો મંજુર કરેલા હતા તેની વિગતવાર માહિતી આપવી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિકાસ પરવાનગી મુજબ એક બેઝમેન્ટ એક ફલેટ તથા એક દુકાન મંજુર કરવામાં આવેલ હતી. જે બાબતે અરજદારે અપીલના મુદ્દામાં આકારણી દફતરે થયેલ નોંધ મુજબ બે બેઝમેન્ટ ત્રણ ગોડાઉન , ભોંયતળીયે છ દુકાનો વિગેરે બનેલ છે. મંજુર થયેલ પ્લાન અને આપેલ પરવાનગી ઉપરાંત વધારાના બનેલ બેઝમેન્ટ, ભોંયતળીયાની દુકાનો, ફલેટો વિગેરે પ્લાન વિરુધ્ધની પરવાનગી વગરના રેકર્ડ ઉપર લેવડાવી અમોને જાણકારી આપવા વિનંતી. જે બાબતે અરજદારની માંગણી કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ કાયદા મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની હોય છે. જે જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલ છે. મુદ્દા નં.૬ સદર મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ કરેલ બાંધકામ અંગે બાંધકામ કરનાર વિરુધ્ધ કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આ પ્રકારની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ ગેરકાયદેસર કરેલ બાંધકામ કરનાર વિરુધ્ધ કાનુન પ્રમાણે શું કાર્યવાહી કરવામાં આવે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર બાંધકામ કરનાર મિલ્કતદાર સામે બીપીએમસી એકટની કલમ–૨૬૦ તથા ૩૮૭ મુજબ કરી શકાય. જેની નકલ પાના દીઠ રૂા.૨ ભરપાઈ કર્યે આપી શકાય. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૭ પૈકી મુદ્દા નં.૨ સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. અપીલ અરજીમાં અરજદારની રજૂઆત રેકર્ડ ઉપર ચઢાવવાની આગ્રહ રાખેલ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.મુદ્દા નં.૧ અંગે અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારીનું મંતવ્ય–અભિપ્રાય પ્રત્યુત્તર સ્વરૂપે માંગેલ છે તે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી પરંતુ તા.૨–૧૧–૧૦ ના રોજ આપેલ માહિતી દફતરી વિગતે સ્વયં સ્પષ્ટ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ ન હોઈ સદર માહિતી ઉપલબ્ધ દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હસીનાબાનુ રજબઅલી વંકાણી,